# ૫ રંગબેરંગી રમકડાં


ગ
ણ
ગ
ણ

**ગીત :**

## કેટલા રે કેટલા

કેટલા રે કેટલા?
તમે કહો એટલા.
'ચાર'.
કેટલા રે કેટલા?
તમે કહો એટલા.
'દસ'.

- આમાં શિક્ષક 'કેટલા રે કેટલા?' પંક્તિ ગાશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓ ગાઈને કહેશે 'તમે કહો એટલા'. આ પછી શિક્ષક એકથી દસ પૈકીની કોઈ એક સંખ્યા બોલશે અને તે સંખ્યા મુજબ આંગળીઓ દર્શાવશે.



હવે ઉપર્યુક્ત ગીત વખતે તમે જે સંખ્યા બોલો તે સંખ્યાના ચિત્ર પર વિદ્યાર્થી આંગળી મૂકશે.

**રમત :**

શિક્ષક વચ્ચે ઊભા રહેશે. વિદ્યાર્થીઓ વર્તુળાકારે ફરશે. શિક્ષક 'કેટલા રે કેટલા?' ગાશે. વિદ્યાર્થીઓ 'તમે કહો એટલા' ફરતાં રહીને ગાશે. શિક્ષક કહે 'ત્રણ' તો વિદ્યાર્થીઓ ત્રણ-ત્રણનાં જૂથ બનાવશે. આ જ રીતે એકથી દસ સુધીની સંખ્યા આડીઅવળી બોલવી. ક્રમશઃ સંખ્યા ન બોલવી.

**અભિનય ગીત :**






## એકડો સાવ સળેકડો




એકડો સાવ સળેકડો ને બગડો ડિલે તગડો,
બંને બથ્થંબથ્થા બાઝી કરતા મોટો ઝઘડો.
તગડો તાળી પાડે ને નાચે તાતાથૈ,
ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઊતરી ગઈ !




પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી,
સાતડો છાનોમાનો આવી લઈ ગયો બધી લખોટી,
આઠડાને પેન્સિલ આપી નવડો કહેતો લખ,
એકડેમીંડે દસ ત્યાં આવી સ્કૂલની બસ.




– રમેશ પારેખ




ગ
પ
સ
પ

વાર્તા :

# તું નાનો હું મોટો



જુલી પાસે ભાતભાતનાં રમકડાં. આખો દિવસ એ રમ્યા કરે. રાત્રે જુલી બધાં રમકડાં એક ટોપલીમાં મૂકીને સૂઈ જાય.

એક રાત્રે ટોપલીમાં સળવળાટ થયો. રમકડાના હાથી અને રમકડાના વાંદરા વચ્ચે લડાઈ થઈ ગઈ. વાંદરો કહે, ''હું મોટો છું.'' હાથી કહે, ''જા, જા. હું મોટો છું. તું બરાબર જો. તું મારાથી નાનો છે.'' બંને તો ન્યાય કરાવવા ગયાં રમકડાની સાઇકલ પાસે. સાઇકલબહેન, સાઇકલબહેન... ''હું મોટો કે આ હાથી મોટો ?'' સાઇકલ મૂંઝાઈ ગઈ કે આમ તો હાથી મોટો હોય, પણ અહીં તો વાંદરો મોટો દેખાય છે. સાઇકલ કંઈ નક્કી કરી શકી નહિ એટલે કહે, ''ચાલો, આપણે બસ પાસે જઈએ.'' સાઇકલ, હાથી અને વાંદરો ત્રણેય બસ પાસે જવા નીકળ્યાં.

ત્યાં જઈને જોયું તો રમકડાની બસ તો રમકડાની સાઇકલ કરતાંય નાની! ને વાંદરો તો ખી...ખી...ખી કરતાં હસી પડ્યો.

હાથીએ પૂછ્યું, બસબહેન, બસબહેન...

- હવે વિદ્યાર્થીઓને પૂછો કે તેમણે શું વાત કરી હશે ?
- હવે પછી તેઓ કયા રમકડા પાસે ન્યાય માગવા ગયાં હશે ?

ગ પ સ પ

**પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓ પાસે ઘરેથી રમકડાં મંગાવવાં.
- દરેક વિદ્યાર્થી વર્ગની સમક્ષ આવી પોતાનાં રમકડાં વિશે કહેશે.

  જેમકે, આ મારી મોટર છે.

  તે લાલ મોટર છે.

ક લ બ લ

ગીત :

ગ ણ ગ ણ



# રમકડાં



રમકડાં... રમકડાં... રંગબેરંગી રમકડાં....
હાં રે હાં ભાઈ રમકડાં
હાં રે હાં ભાઈ રમકડાં




રમકડાંનો રાજા બન્યો હું, નામ છે મારું સસ્સાભાઈ
રાજાજી કી જય હો... રાજાજી કી જય હો...






એક સાથ કૂચકદમ, એક સાથ કૂચકદમ !
નાનાં નાનાં રમકડાં, ચાવીવાળાં રમકડાં
રમકડાં...રમકડાં... રંગબેરંગી રમકડાં....
શિયાળભાઈ તો પ્રધાન બનીને, ફેરફુદરડી ફર્યા કરે;
કૂતરાભાઈ તો સિપાઈ બનીને, હાઉવાઉ હાઉવાઉ કર્યા કરે,
રાજાજી કી જય હો... રાજાજી કી જય હો...





એકસાથ કૂચકદમ, એકસાથ કૂચકદમ !
પૈડાવાળાં રમકડાં, પાંખોવાળાં રમકડાં
આભે ઊડતાં રમકડાં, પાણીમાં તરતાં રમકડાં.
રમકડાં... રમકડાં... રંગબેરંગી રમકડાં....





**પ્રવૃત્તિ :**

**માટી/પ્લાસ્ટિક કલેમાંથી વિદ્યાર્થીઓ પાસે જુદાં જુદાં રમકડાં બનાવડાવો અને તેનું વર્ગની સમક્ષ પ્રદર્શન ગોઠવો. આ રમકડાં પરથી નીચે મુજબના પ્રશ્નો પૂછો :**



(૧) લાલ રંગનું રમકડું કયું છે?

(૨) ઢીંગલીનું રમકડું કયા રંગનું છે?

(૩) સૌથી મોટું રમકડું કયું છે?

(૪) સૌથી નાનું રમકડું કયું છે?

(૫) તમને કયું રમકડું સૌથી વધુ ગમ્યું?

ક
લ
બ
લ

**ગમ્મત :**

હાથીને ફ્રિજમાં મુકાય ?



ખ
ડ
ખ
ડ


# ૬ પૈડું ચાલે ચક્કર ચક્કર

છ
મ
છ
મ

અભિનય ગીત :

## રેલગાડી સરરર...

રેલગાડી સરરર સરરર જાય.
રેલમાં બેઠા બે ગુજરાતી,
ગુજરાતી ગરબા રમતા જાય.
રેલગાડી સરરર સરરર જાય.
રેલમાં બેઠા બે પંજાબી,
પંજાબી ભાંગડા કરતા જાય.
રેલગાડી સરરર સરરર જાય.



- આ રીતે અન્ય રાજ્ય અને નૃત્ય જોડી ગીત આગળ વધારવું.


વાર્તા :

# લોભી લાલજીભાઈ

ગ
પ
સ
પ

લાલજીભાઈ લીલું નાળિયેર લેવા નીકળ્યા. એક દુકાને જઈ ભાવ પૂછ્યો. દુકાનદાર કહે, ''દસ રૂપિયા.'' લાલજીભાઈ તો લોભી, કહે ''પાંચ રૂપિયામાં આપો.'' દુકાનદાર કહે, ''આગળ જાઓ સસ્તામાં મળશે.''

લાલજીભાઈ તો ચાલ્યા આગળ. નાળિયેરની વાડી પાસેની દુકાને જઈ પૂછ્યું. ''નાળિયેરના કેટલા રૂપિયા?'' દુકાનવાળો કહે, ''પાંચ રૂપિયા.'' લાલજીભાઈને વધુ લોભ



ગ
પ
સ
પ

જાગ્યો. કહે ''બે રૂપિયામાં આપો.'' દુકાનવાળાને ગુસ્સો આવ્યો, તેણે કહ્યું, ''ત્યાં દૂર નાળિયેરી દેખાય ને! ત્યાંથી જાતે તોડી લો.'' મફત...!

લાલજીભાઈ તો રાજી-રાજી થઈને દોડ્યા. ઝટપટ નાળિયેરી પર ચઢી ગયા. નાળિયેર પકડીને તોડવા જોર લગાવ્યું. પણ નાળિયેર ન તૂટ્યું ને લાલજીના પગ લપસી પડ્યા. લાલજીભાઈ તો લટક્યા નાળિયેર સાથે!

લાલજીભાઈ તો પગ હલાવે ને ''બચાવો, બચાવો''ની બૂમો પાડે. ત્યાંથી સલીમભાઈ સરકસવાળા એમની મોટી સાઇકલ લઈને નીકળ્યા. સલીમભાઈને દયા આવી. એ તો ઊભા થઈ ગયા પોતાની એક પૈડાવાળી સાઇકલ પર અને હાથ વડે લાલજીભાઈના પગ પકડ્યા, પણ ત્યાં તો સાઇકલ સરકી... ને લાલજીભાઈના પગ સાથે સલીમભાઈ પણ લટક્યા. હવે બચાવો, બચાવોની બૂમો બમણી થઈ ગઈ.


ત્યાં જ ટપુભાઈ ટેમ્પો લઈને નીકળ્યા. ટપુભાઈએ ટેમ્પા પર ચઢી સલીમભાઈના પગ પકડ્યા, ત્યાં તો ટેમ્પો ગગડ્યો ને હવે બેને બદલે ત્રણેય લટક્યા.

હવે તો ટપુભાઈ અને સલીમભાઈને બીક લાગી કે ઉપરવાળો ભાઈ નાળિયેર છોડી દેશે તો! એટલે ટપુભાઈએ બૂમ પાડી, ''અલ્યા ભાઈ તું નાળિયેર ન છોડીશ, હું તને હજાર રૂપિયા આપીશ.''

લાલજીભાઈ તો રાજીના રેડ થઈ ગયા અને બોલ્યા, ''હજાર રૂપિયા!'' અરે! એ તો આટલા બધા!'' કહી બે હાથ પહોળા કર્યા.

ને પછી...

## વાતચીત :



- સૌથી આગળ કયાં ત્રણ વાહન છે?
- ચિત્રમાં કેટલી રિક્ષા છે?
- છેલ્લે કયું વાહન દેખાય છે?
- સામેની તરફ કેટલાં વાહન છે?
- ફૂટપાથ પર કેટલા માણસો ચાલે છે?

ગ
ણ
ગ
ણ

## જોડકણાં :



લીલી-પીળી બસ
ચાલી જાય ચાલી જાય ચાલી જાય,
એક ટકોરે અટકે
ને બેએ ઊપડી જાય, ઊપડી જાય ઊપડી જાય.
લીલી-પીળી બસ.
ચાલી જાય ચાલી જાય ચાલી જાય.

એ જાય... એ જાય
ઊંચે ઊંચે ઊડી જાય
ધરતી ઉપર દોટ મૂકી
આભે ચડી જાય ચડી જાય ચડી જાય.
એનું નામ છે વિમાન.
એનું નામ છે વિમાન.





સાઈકલ મારી સરરર જાય,
ટીન-ટીન ટોકરી બજાવતી જાય.

હું ઘોડાગાડીવાળો,
મારો ઘોડો ઘણો રૂપાળો,
ધોળા એના રંગમાંહી,
કાળાં ચાઠાંવાળો,
મારો ઘોડો ઘણો રૂપાળો.






દરિયે ડોલતું જાય, દરિયે ડોલતું જાય.
જહાજ મારું સૌથી પહેલું,
દરિયે ડોલતું જા.
કોઈથી ન રોકાય, કોઈથી ન રોકાય,
સરરર કરતું જહાજ મારું,
દરિયે ડોલતું જાય.

## અભિનય :



















- વિવિધ વાહન ચલાવવાનો અભિનય કરાવો.
- નમૂનામાં આપ્યાં છે તે ઉપરાંત અન્ય વાહન ચલાવવાનો અભિનય કરાવો.

ગમ્મત :

ખ
ડ
ખ
ડ



બસ ક્યાં છે?

જીપની બાજુમાં!

જીપ ક્યાં છે?

બસની બાજુમાં!

બસ અને જીપ ક્યાં છે?

બાજુબાજુમાં!